# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-04-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# TUVER MSP PURCHASE

રાજ્ય સરકારે ટેકાના ભાવે તુવેરની ખરીદીનો સમય લંબાવીને 30 એપ્રિલ સુધી કર્યો છે. કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું કે, રાજ્યમાં ચાલુ વર્ષે તુવેર પાકનું મબલખ વાવેતર અને ઉત્પાદન નોંધાયું છે. કેન્દ્ર સરકારે તુવેર માટે પ્રતિ ક્વિન્ટલ સાત હજાર 550 રૂપિયા ટેકાનો ભાવ જાહેર કર્યો છે. ટેકાનો ભાવ સારો મળતા રાજ્યના એક લાખ 23 હજારથી વધુ ખેડૂતોએ તુવેરનું  વેચાણ કરવા માટે નોંધણી કરાવી હતી.

રાજ્યના 58 હજાર 300 ખેડૂતો પાસેથી અત્યાર સુધીમાં 841 કરોડ રૂપિયાથી વધુના મૂલ્યની એક લાખ 11 હજાર મેટ્રિક ટન તુવેર ખરીદવામાં આવી છે.

. . . . . . . . . . .

# PATAN TOBACCO MARKET

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ પાટણ દ્વારા સંચાલિત નવા તમાકુ બજારનો આજથી શુભારંભ કરવામાં આવ્યો. પાટણ પંથકના જાણીતા સમાજ સુધારક સંત શ્રી દોલતરામ મહારાજના હસ્તે પાટણ નજીક દીગડી ગામ ખાતે આ બજાર ખુલ્લું મુકવામાં આવ્યું.

પ્રથમ દિવસે મૂહુર્તના સોદાની હરાજીમાં તમાકુના 20 કિલોના ઐતિહાસિક 26 હજાર 111 રૂપિયા ભાવ બોલાયા હતા અને 60 હજાર બોરી આવક નોંધાઈ હતી.

(ઉદ્ઘાટન સમારંભમાં સ્થાનિક રાજકીય અગ્રણીઓ, જિલ્લાની તમામ માર્કેટ સમિતિના ચેરમેનો, ડિરેક્ટરો, પદાધિકારીઓ કાર્યકરો ખેડૂતો અને વેપારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા.)

. . . . . . . . . . .

# MORBI PALIKA TAX INCOME

મોરબી મહાનગર પાલિકાએ જાન્યુઆરીથી માર્ચ સુધીનાં ત્રણ માસના સમયગાળા દરમિયાન 12 કરોડ રૂપિયા અને ચાલુ નાણાકીય વર્ષમાં કુલ 23 કરોડ રૂપિયાની વસુલાત કરી છે.

મહાનગરપાલિકાએ એક લાખથી વધુના વેરા બાકી હોય તેવા 257 મિલકતધારકોને વોરંટ બજવણી કર્યા બાદ 106 મિલકતધારકોએ સંપૂર્ણ ટેક્સ ભરી દીધો હતો. આ અંગે મોરબી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નર સ્વપ્નિલ ખરેએ વધુ માહિતી આપીઃ

(BYTE - SWAPNIL KHARE)

. . . . . . . . . . .

# MEHSANA PALIKA TAX

મહેસાણા મહાનગરપાલિકાને છેલ્લા એક વર્ષમાં વેરા વસૂલાતમાં 24 કરોડ 54 લાખ રૂપિયાની આવક થઈ છે. પાલિકા દ્વારા મિલકત વેરામાં 10

ટકા રાહત સાથે વેરા વસુલાત ઝુંબેશ હાથ ધરાઈ હતી, જેમાં ગયા વર્ષ કરતા આ વર્ષે 4 કરોડ રૂપિયાનો વધારો નોંધાયો છે. ઉલ્લેખનીય છે કે મહાનગરપાલિકામાં એક લાખ કરતા વધુ મિલકતો આવેલી છે. જેમાંથી 72 હજાર કરતાં વધુ લોકોએ મિલકત વેરો ભરપાઈ કર્યો છે.

. . . . . . . . . . .

# RAJKOT RAILWAY DIVISION INCOME

પશ્ચિમ રેલ્વેના રાજકોટ ડિવિઝને નાણાકીય વર્ષ 2024-25 દરમિયાન 2 હજાર 453 કરોડ 68 લાખ રૂપિયાની વિક્રમ આવક મેળવી છે, જે અગાઉનાં નાણાકીય વર્ષની આવક કરતાં આઠ ટકા એટલે કે 177 કરોડ 34 લાખ રૂપિયા વધુ છે. રાજકોટ ડિવિઝનની અત્યાર સુધીની સૌથી વધુ વાર્ષિક આવક છે.

ડિવિઝને માલ પરિવહનમાંથી 2 હજાર 25 કરોડ 28 લાખ રૂપિયા, મુસાફરોની આવકમાંથી 398 કરોડ 10 લાખ રૂપિયા અને પાર્સલ સહિત અન્ય સ્ત્રોતોમાંથી 30 કરોડ 31 લાખ રૂપિયાની આવક થઈ છે.

. . . . . . . . . . .

# RAJKOT COMPETITION

રાજકોટમાં હેમુ ગઢવી નાટ્ય ગૃહ ખાતે આવતીકાલથી બે દિવસીય એકાંકી નાટ્ય સ્પર્ધા યોજાશે.  રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ

વિભાગ તેમજ ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી દ્વારા આયોજીત આ સ્પર્ધા નાટય રસિકો વિનામૂલ્યે નિહાળી શકશે. પ્રવેશ માટેના પાસ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી તેમજ શ્રી હેમુ ગઢવી નાટ્ય ગૃહ ખાતેથી સવારે ૧૦ થી ૧૨ કલાક અને સાંજે ૪ થી ૬ કલાકે દરમ્યાન મેળવી શકાશે.

. . . . . . . . . . .

# EXAM CALL LETTER

13 એપ્રિલે યોજાનારી બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટરની પેપર-૧ અને પેપર-૨ ની લેખિત પરીક્ષાના કોલલેટર 5 એપ્રિલનાં રોજ બે વાગે ojas.gujarat.gov.in પરથી ડાઉનલોડ કરી શકાશે.

. . . . . . . . . . .

# MADHAVPUR MELO

**પોરબંદરના માધવપુર ખાતે છ-થી નવ એપ્રિલ માધવપુર ઘેડ મેળો યોજાશે. આ વખતે સમગ્ર રાજ્યમાં આ મેળાની ઉજવણી કરાશે. તેના ભાગરૂપે અમદાવાદ, વડોદરા, સુરત, અને સોમનાથ ખાતે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનો પ્રારંભ થયો છે. સત્તાવાર યાદી મુજબ, આજે વડોદરાના અકોટા સ્ટેડિયમ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે, જેમાં 400 કલાકારો વિવિધ લોકનૃત્ય રજૂ કરશે.**

ઉલ્લેખનીય છે કે, માધવપુર ઘેડ મેળામાં ગુજરાત સહિત ઉત્તર-પૂર્વના અરૂણાચલ પ્રદેશ, આસામ, મણિપુર, મિઝોરમ, મેઘાલય, સિક્કીમ, નાગાલેન્ડ અને ત્રિપુરા એમ આઠ રાજ્ય ભાગ લેશે. મેળાનો ઉદ્દેશ દેશના તમામ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ વચ્ચેના ગાઢ અને સુવ્યવસ્થિત જોડાણ દ્વારા ‘એક ભારત શ્રેષ્ઠ ભારત’ની ભાવનાને પ્રોત્સાહન આપવાનો છે

. . . . . . . . . . .